ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન

# ખનિજ પત્રિકા

## એસોસિયેશન સમાચાર


વોલ્યૂમ - ૯

નં. - ૯

ત્રિમાસિક

જુલાઈ-
સપ્ટેમ્બર, ૨૦૨૩

મૂલ્ય:
રૂ. ૧૦૦/-






About Ashapura Group

With a legacy of more than 60 years, Ashapura is a leading multi-mineral solutions provider with a global footprint, having a wide network of operations in several states within India and in 7 other countries.

We at Ashapura provide a wide range of solutions that touch billions of lives, every moment, every day! From soaps to steel, energy to edible oils, metal to medicine and from cement to ceramics, we have vicariously become an integral part of your life by offering intermediate mineral solutions, ores and additives to several industries.

Our captive mineral resources, state-of-the-art manufacturing base, cutting edge research capabilities, logistical prowess and 2,400 dynamic, progressive, result oriented employees accord us global leadership in several segments.

Ashapura means "Fulfilling Aspirations"; we believe that sustainable growth occurs only when we fulfill aspirations of all our stakeholders such as customers, employees, shareholders, the environment and the society at large.

*Domain Leadership*

- World's 3rd largest producer of Bentonite
- World's 3rd largest Bleaching Clay producer
- India's largest producer of refractory materials
- India's largest producer of proppants



Ashapura Group of Industries
278, Jeeven Udyog Building, Dr D. N. Road, Fort, Mumbai - 400 001, India
Tel - +91-22-6665 1700
info@ashapura.com www.ashapura.com

ASHAPURA
Group of Industries



ESTD. 1962

**GUJMIN INDUSTRY ASSOCIATION**

Reg. No. GUJ/15299/AHMEDABAD, UNDER SOCIETY ACT, 1860

2nd Floor, Marble & Mineral Chambers, B/h. D.K. House, Mithakhali, Ahmedabad-380006 (Gujarat).

**Tel.:** 079-26427047 | **E-mail:** gujmin@gmail.com | **Website:** www.gujaratmineral.org


TATA
SHUDH
CEMENT
પ્રસ્તુત છે
તાતા શુદ્ધ સિમેન્ટ ઓ.પી.સી.- 53
SUPERIOR 1
DAY STRENGTH
અમે નવા છીએ,
અમે બહેતર છીએ
અને અમે ભરોસાપાત્ર છીએ.
IS : 269
CM/L NO. 7068877
TATA
SHUDH
CEMENT
ORDINARY
PORTLAND
CEMENT
53
GRADE
TATA CHEMICALS LIMITED
(AN ISO 9001:2000 COMPANY)
Net Weight 50kg
M.R.P. Rs.
(Inclusive of all taxes)

## તાંત્રિક સલાહકાર મંડળ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી સી.એમ. દ્વિવેદી | .. | પ્રમુખ અને તંત્રી |
| ૨. | શ્રી બિરેન પટેલ | .. | મેમ્બર અને તંત્રી |
| ૨. | શ્રી કે. એન. પટેલ | .. | મેમ્બર |
| ૪. | શ્રી સુરેશ રાઈઠ્ઠા | .. | મેમ્બર |
| ૬. | ડૉ. ડી . એન. પંચોલી | .. | મેમ્બર |
| ૭. | શ્રી જયમિત સોલંકી | .. | મેમ્બર |


ગુજમીન ઈન્ડસ્ટ્રીએસોસિયેશનનું ત્રિમાસિક પ્રકાશન

વોલ્યુમ ન. ૯ માસઃ જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૩




**શ્રી સી. એમ. દ્વિવેદી**
**પ્રમુખ**

ઉપપ્રમુખ
શ્રી જય જી. શાહ
શ્રી જતીન પટેલ

માનદ મંત્રીઃ
શ્રી હર્ષવર્ધન ભાવાની

સંયુક્ત માનદ મંત્રી
શ્રી દીપક પંડ્યા
શ્રી વિમલ કુબાવત

ખજાનચી
શ્રી જશુભાઈ જી. પટેલ

## ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન

સ્થાપનાઃ સને ૧૯૬૨

| વર્ષ | પ્રમુખ | માનદ મંત્રી |
|---|---|---|
| ૧૯૬૩-૭૦ | નટવરલાલ શામળદાસ વોરા | કૃષ્ણપ્રસાદ ઝેડ. પટેલ |
| ૧૯૭૧-૭૨ | પ્રભુદાસ વિઠ્ઠલદાસ માખેચા | દેવેન્દ્રભાઈ ડી. બધેકા |
| ૧૯૭૩ | જશવંતભાઈ યુ. ત્રિવેદી | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૭૪-૭૫ | જયંતીલાલ ડી. પટેલ | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૭૬ | જયેન્દ્રભાઈ બી. પટેલ | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૭૭-૭૮ | જયેન્દ્રભાઈ બી. પટેલ | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૭૯-૮૦ | ઈન્દુભાઈ એસ. જાની | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૮૧-૮૨ | જયેન્દ્રભાઈ બી પટેલ | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૮૩-૮૫ | ગોવિંદભાઈ બી. શાહ | મધુભાઈ એ. શાહ |
| ૧૯૮૬-૮૭ | જશવંતભાઈ યુ. ત્રિવેદી | મધુભાઈ એ. શાહ |
| ૧૯૮૮-૯૧ | સુરેન સી. ચોકસી | મધુભાઈ એ. શાહ |
| ૧૯૯૨-૯૭ | જીતેન્દ્રભાઈ ડી. ત્રિવેદી | ગિરીશ આર. પટેલ |
| ૧૯૯૭-૯૯ | ગોવિંદભાઈ બી. શાહ | બિરેન જે. પટેલ |
| ૧૯૯૯-૦૬ | રાવજીભાઈ જે. પટેલ | બિરેન જે. પટેલ |
| ૨૦૦૬-૧૦ | બિરેન જે. પટેલ | જતીન આર. પટેલ |
| ૨૦૧૦-૧૨ | હંસરાજ ડી. પટેલ | જતીન આર. પટેલ |
| ૨૦૧૩-૧૫ | હંસરાજ ડી. પટેલ | સી. એમ. દ્વિવેદી |
| ૨૦૧૬-૧૮ | પી. એન. રાવ | સી. એમ. દ્વિવેદી |
| ૨૦૧૯-૨૨ | પી. એન. રાવ | જય જી. શાહ |
| ૨૦૨૨-૨૪ | સી.એમ. દ્વિવેદી | હર્ષવર્ધન ભાવાની |

## સંકલિત ખનિજ મંડળ

૧. પોરબંદર ચોક માઈન્સ ઓનર્સ એન્ડ મેન્યુફેક્ચર્સ એસોસિયેશન
૨. કચ્છ ચાઈનાક્લે એસોસિયેશન
૩. કચ્છ માઈન્સ મિનરલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રી એસોસિયેશન
૪. અમદાવાદ સેન્ડ લીઝ હોલ્ડર એસોસિયેશન
૫. ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ સેન્ડ એસોસિયેશન
૬. અંબાજી માર્બલ ક્વોરી એન્ડ ફેક્ટરી એસોસિયેશન
૭. છોટાઉદેપુર માઈન્સ ઓનર્સ એસોસિયેશન
૮. છોટાઉદેપુર ડિસ્ટ્રિક્ટ સેન્ડ એસોસિયેશન
૯. નવસારી ક્વોરી એસોસિયેશન
૧૦. સાઉથ ગુજરાત ઓડ જ્ઞાતિ લીઝહોલ્ડર્સ એસોસિયેશન
૧૧. ગુજરાત બ્લેકસ્ટોન ક્વોરી એસોસિયેશન
૧૨. સાઉથ ગુજરાત લીઝ હોલ્ડર એસોસિયેશન, સુરત
૧૩. ગુજરાત ગ્રેનાઈટ એસોસિયેશન
૧૪. હાલોલ ક્વોરી એસોસિયેશન
૧૫. ગોધરા ક્વાટ્ર્સ એસોસિયેશન

## કોર્પોરેટ સંકુલ:

૧. ડી.સી.ડબલ્યુ. લિમિટેડ
૨. ગુજરાત અંબુજા સિમેન્ટ્સ લિમિટેડ
૩. નિરમા લિમિટેડ
૪. સાંઘી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
૫. આશાપુરા માઈનકેમ લિમિટેડ
૬. અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ
૭. ગુજરાત હેવીકેમિકલ લિમિટેડ
૮. ટાટા કેમિકલ્સ લિમિટેડ
૯. કાર્બોરેન્ડમ યુનિવર્સલ લિમિટેડ
૧૦. દાલમિયા રિફેક્ટરીઝ લિમિટેડ
૧૧. બોમ્બે મિનરલ્સ લિમિટેડ
૧૨. દિગ્વિજય સિમેન્ટ કંપની લિમિટેડ
૧૩. એચ. ડી. માઈક્રોન્સ લિમિટેડ
૧૪. એચ. ડી. એન્ટરપ્રાઈઝ
૧૫. વિમલ માઈક્રોન્સ લિમિટેડ
૧૬. હાઈબોન્ડ સિમેન્ટ (ઈ) પ્રાઈવેટ લિમિટેડ
૧૭. ૨૦ માઈક્રોન્સ લિમિટેડ
૧૮. ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિમિટેડ
૧૯. આશાપુરા કેલ્સાઈન એન્ડ રિફ્રેક્રીઝ એલ.એલ.પી.
૨૦. વાન બેન્ટ મિનરલ્સ પ્રાઈવેટ લિમિટેડ
૨૧. ઓરિએન્ટ એબ્રેસીવ લિમિટેડ
૨૨. સૌરાષ્ટ્ર કેલ્સાઈન બોકસાઈટ એન્ડ એલાઈડ ઈન્ડસ્ટ્રી લિમિટેડ
૨૩. સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ
૨૪. હિંદુસ્તાન ઝિંક લિમિટેડ

## અનુક્રમણિકા


૦૧ એડવર્ટાઈઝમેન્ટ – આશાપુરા ગ્રૂપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ
૦૨ એડ્વર્ટાઈઝમેન્ટ - ટાટા કેમીકલ્સ લિમિટેડ
૦૫ પ્રમુખસ્થાનેથી
૦૬ લેખ : વ્હીકલ ટ્રેકિંગ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ (VTIMS)
૦૯ એસોસીએશનના વર્ષ ૨૦૨૨-૨૩ના ઓડીટ થયેલા વાર્ષિક હિસાબો
૧૦ પરિપત્ર : ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ હેઠળ ઈલેક્ટ્રોનિક સિસ્ટમ સ્થાપિત કરવા બાબત
૧૨ પરિપત્ર : ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ હેઠળ એન્ડ-યુઝરના રજીસ્ટ્રેશન બાબત
૧૫ ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશનની વિજ્ઞપ્તિ
૧૬ એડ્વર્ટાઈઝમેન્ટ - રઘુવંશી રિફ્રેક્ટરીઝ



લેખકો દ્વારા દર્શાવાયેલાં અભિપ્રાય-મંતવ્ય 'ખનિજ પત્રિકા'ના પ્રકાશક, તંત્રી અને "ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન"નાં નથી. પત્રિકામાં છપાયેલ કોઈ પણ સાહિત્યનું પુનઃ પ્રકાશન અનુમતિ સિવાય કરવું ખાસ વર્જિત છે.



**પત્રવ્યવહારનું સરનામું :**
સંપર્ક: સેક્રેટરી, ગુજમિન ઈન્ડસ્ટ્રી એસાસિયેશન,
બીજો માળ, માર્બલ એન્ડ મિનરલ ચેમ્બર્સ,
ડી. કે. હાઉસ પાછળ, મીઠાખળી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ટેલિ.: ૦૭૯-૨૬૪૨ ૭૦૪૭ ઈ-મેઈલ: gujmin@gmail.com



**મુદ્રક : પ્રિન્ટ વિઝન પ્રા. લિ.**
**આંબાવાડી, અમદાવાદ. • ફોન: ૦૭૯-૨૬૪૦ ૫૨૦૦**

## પ્રમુખસ્થાનેથી



**સી.એમ. દ્વિવેદી**
**પ્રમુખ**

માનનીય સભ્યશ્રીઓ,

આપ સર્વ સમક્ષ આ ખનિજ પત્રિકાનો નવો અંક રજૂ કરતાં આનંદની લાગણી અનુભવું છુ. ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન આ અંકમાં VTMS નો પરિચય આપવા પ્રયાસ કરેલ છે. કમિશનરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજએ તેમના પરિપત્ર તા. ૨૮-૦૭-૨૦૨૩ થી અમુક સૂચનાઓ જાહેર કરેલ છે તેમાં ગુજરાત રાજ્યમાં ખનિજ ખનન અને પરિવહનમાં સંલગ્ન તમામ મશીનરી અને વાહનોનો ILMS પોર્ટલ પર ફી ભરી રજીસ્ટ્રેશન કરાવવું અને આ પ્રકારે રજીસ્ટર્ડ થયેલા મશીનો અને વાહનોમાં  જાહેર કરેલ સ્પેસિફિકેશન ધરાવતા વ્હીકલ ટ્રેકિંગ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ (VTMS) લગાવવાનું ફરજીયાત કરેલ છે. આ મુદ્દો એક બાજુ ખર્ચનો બોજો હોવા ઉપરાંત ભાડાના વાહનોમાં લગાવવામાં પડનાર મુશ્કેલીઓ માટે વધારે ચર્ચામાં છે.

VTMS ના અમલીકરણમાં સંભવિત અવરોધો અંગે ચર્ચા કરવા માટે ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશનએ ડો. ડી. કે. પટેલ, આઈ.એ.એસ. કમિશનરશ્રી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ સાથે બેઠક કરી હતી. આ બેઠક મુક્ત અને ખુલ્લા વાતાવરણમાં યોજાયેલ હતી જ્યાં બંને પક્ષોએ એકબીજાને સાંભળ્યા હતા જેથી ખનિજ ઉદ્યોગને કોઈ સમસ્યાનો સામનો કરવો ન પડે.

પ્રગતિશીલ ઔદ્યોગિક વાતાવરણ સાથે, દરેક ઉદ્યોગ સ્પર્ધાત્મક યુગમાં તેમના વિકાસ માટે નવીનતમ તકનીક અને કૃત્રિમ બુદ્ધિનો (artificial intelligence) ઉપયોગ કરી રહ્યો છે. સમયની માંગ પ્રમાણે ખાણકામ અને ખનિજ ઉદ્યોગોએ પણ નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવાની તકનો લાભ લેવો જોઈએ. માઈનિંગ મશીનો સ્વસંચલિત થઈ રહેલ છે અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા રીઅલ-ટાઇમ પરફોર્મન્સ મોનિટરિંગ શક્ય છે. ખાણિયાઓ નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઓછા સમયમાં મશીનો અને વાહનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને નાણાં બચાવી શકે છે.

ખનિજ આધારિત ઉદ્યોગના ઉત્પાદન દ્વારા અન્ય કરવેરા પેટે સરકારશ્રીને આવક પ્રાપ્ત થાય છે. રાજ્ય સરકારશ્રીને ડીસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન પેટે તા. ૨૬-૯-૨૦૧૬ થી તા ૩૧-૩-૨૦૨૩ સુધીમાં રૂ. ૧૩૮૭.૪૦ કરોડ આવક પ્રાપ્ત થયેલછે. સરકાર DMF સમિતિમાં GUJMIN સાથે સહયોગ કરીને ખાણકામ પ્રભાવિત વિસ્તારોના વિકાસ માટે નાણાં ખર્ચી શકે છે. તે સ્થાનિક લોકોની વાસ્તવિક માંગમાં યોગદાન આપી શકે છે.

અન્ય રાજ્યોની સરખામણીમાં, વર્ષ ૨૦૧૫ પછી મુખ્ય અને ગૌણ ખનિજો માટે ઓછા માઈનિંગ લીઝ આપવામાં આવ્યા છે. આ ચિંતાનો વિષય છે. ગુજરાતમાં ખનિજ ઉદ્યોગ ખનિજોના પુરવઠાની અછતનો સામનો કરી રહ્યો છે. ખનિજોના પુરવઠાની અછત માટેનું બીજું કારણ એ છે કે કાયદાકીય પાલનના અભાવે એક અથવા બીજા કારણસર હાલ ઘણી બધી ખાણો બંધ છે. પર્યાવરણીય મંજૂરી મેળવવી એ એક મોટો પડકાર અને અડચણ રૂપ છે. ઈન્ડસ્ટ્રીને અપેક્ષા છે કે સરકારે નિયમો હળવા કરીને આ બાબતે મદદ કરવી જોઈએ. તે જ પ્રમાણે, લીઝધારકોએ નિયમોના પાલનમાં પ્રતિક્રિયાશીલને બદલે સક્રિય થવું જોઈએ.

વધુમાં એસોસિએશનના પ્રમુખ તરીકે મેનેજીંગ કમિટીના સભ્યશ્રીઓ તથા આપ બધા સભ્યશ્રીઓ તરફથી મળી રહેલ સહકાર બદલ સૌ સભ્યશ્રીઓનો આભાર વ્યક્ત કરું છુ.

શુભેચ્છા સાથે

**સી. એમ. દ્વિવેદી**
**પ્રમુખ**

# વ્હીકલ ટ્રેકિંગ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ (VTMS)

ચન્દ્ર મૌલિશ્વર દ્વિવેદી
પ્રમુખ

આમુખ

ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર ખાણકામ અટકાવવા અને નિયંત્રણ કરવા માટે, ગુજરાતસરકારએ ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ ૧૯૫૭ની કલમ ૨૩ સી હેઠળ ગુજરાત મિનરલ (ગેરકાયદેસર ખાણકામ, પરિવહન અને સંગ્રહ નિવારણ) નિયમો ૨૦૧૭ ઘડ્યા છે અને તેનો અમલ તા. ૨૬/૦૯/૨૦૧૭થી ચાલુ છે.

આ નિયમોના નિયમ ૪ (૨) મુજબ ખનિજના ગેરકાયદેસર ખાણકામ, પરિવહન અને સંગ્રહ નિવારણ કરવા માટે ઈલેક્ટ્રોનિક સિસ્ટમ સ્થાપિત કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તે બાબતે સરકારશ્રીએ તેમના તા. ૨૨-૦૪-૨૦૨૧ ના જાહેરનામા થી કમિશ્નરશ્રી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનીજ ને યોગ્ય પદ્ધતિઓ નકી કરી પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. તે મુજબ કમિશ્નરશ્રી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ તેમના પરિપત્ર તા. ૨૮-૦૭-૨૦૨૩ થી અમુક સૂચનાઓ જાહેર કરેલ છે તેમાં ગુજરાત રાજ્યમાં ખનિજ ખનન અને પરિવહનમાં સંલગ્ન તમામ મશીનરી અને વાહનોનું ILMS પોર્ટલ પર ફી ભરી રજીસ્ટ્રેશન કરાવવું અને આ પ્રકારે રજીસ્ટર્ડ થયેલા મશીનો અને વાહનોમાં જાહેર કરેલ સ્પેસિફિકેશન ધરાવતા વ્હીકલ ટ્રેકિંગ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ (VTMS) તા. ૩૦-૦૯-૨૦૨૩ સુધી લગાવવાનું ફરજીયાત કરેલું હતું. ત્યારથી કમિશ્નરશ્રી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતાએ સમગ્ર રાજ્યમાં માઈનિંગ પ્રવૃત્તિઓ માટે GPS આધારિત વ્હીકલ ટ્રેકિંગ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ (VTMS) લાગુ કરવાની પ્રક્રિયામાં છે. તે તારીખ સુધીમાં VTMS લગાવવાની પ્રક્રિયામાં આવતી અડચણો ધ્યાને રાખી ૩૧-૧૦-૨૦૨૩ સુધી મુદત લંબાવવામાં આવી છે.

વ્હીકલ ટ્રેકિંગ મોનિટરિંગ સિસ્ટમ લાગુ કરવાનો મુખ્ય ઉદ્દેશ રોયલ્ટીની ચોરી અને ખનિજોના ગેરકાયદેસર પરિવહનને રોકવાનો બતાવેલ છે. ગેરકાયદેસર પ્રવૃત્તિઓને રોકવા ખનીજનું પરિવહન કરતા વાહનોના નેવિગેશન રૂટનું નિરીક્ષણ અને ટ્રેકિંગ કરવામાં આવશે.

### વ્હીકલ ટ્રેકિંગ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ (VTMS):

એમ તો VTMS એ GPS આધારિત પ્રણાલી છે તે યુએસએ દ્વારા વિકસિત છે અને તે ૧૯૭૮માં પ્રથમ ઉપગ્રહના પ્રક્ષેપણ પછી શરૂ કરવામાં આવ્યો હતો. પણ અત્યારે ગુજરાતના ખનિજ પરિવહન માટે તેમનો ઉપયોગ ફરજીયાત કરવાથી અને અમલમાં ના લાવવાથી આવનારી મોટી મોટી પેનલટી/દંડ થી બચવા વધારે ચર્ચા માં છે. જેથી આ બાબતે જાણવો જરૂરી છે કે વ્હીકલ ટ્રેકિંગ સિસ્ટમ શું છે?

તેની સરળ વ્યાખ્યામાં, વાહન ટ્રેકિંગ સિસ્ટમ એ એવી સિસ્ટમ છે જે GPS ઉપગ્રહોને આધારિત ૨૪/૭ ધોરણે ઓનલાઈન કમ્પ્યુટર, સ્માર્ટ ફોન, ટેબ્લેટ વગેરે દ્વારા વાહનોને ટ્રેકિંગ (નજર રાખવી) અને નિયંત્રિત કરવાની મંજૂરી આપે છે. વાહન ટ્રેકિંગ પ્રણાલીઓ વાહનની ગતિ, તેઓ જે માર્ગ અનુસરે છે, તેના સ્ટોપીંગ પોઈન્ટ, નકશા પર નિષ્ક્રિય સમય અને ભૂતકાળ અને વર્તમાન અહેવાલો સાથે રજીસ્ટ્રી અને ચેક પોઈન્ટનું તાત્કાલિક અને ઈતિહાસ ટ્રેકિંગ શક્ય બનાવે છે.

### વ્હીકલ ટ્રેકિંગ મોનિટરિંગ સિસ્ટમ કેવી રીતે કામ કરે છે?

મૂળભૂત રીતે, વાહન ટ્રેકિંગ સિસ્ટમ્સ GPS, GSM/GPRS, ડિજિટલ નકશા અને વિશેષ સોફ્ટવેરના લૂપમાં કામ કરે છે. વાહનો પર માઉન્ટ થયેલ મોબાઈલ ડેટા ઉપકરણો ઉપગ્રહોમાંથી મળેલી માહિતીના બે ટુકડાઓ પ્રસારિત કરે છે - જ્યારે ઉપગ્રહ માહિતી પ્રસારિત કરવામાં આવે ત્યારે વાસ્તવિક સમય અને પ્રસારણ સમયે ભ્રમણકક્ષામાં ઉપગ્રહની સ્થિતિ - અને ટેલિમેટ્રિક માહિતી જેમ કે તાપમાનથી નિયંત્રણ અને સંચાર કેન્દ્રો સુધી પ્રસારિત કરે છે. GSM/GPRS નેટવર્ક દ્વારા આ રીતે પ્રાપ્ત થયેલી માહિતી પછી વિશિષ્ટ સોફ્ટવેર દ્વારા સંકલન (કમ્પાઈલ) કરવામાં આવે છે અને સર્વર પરની ડેટાબેંકમાં રેકોર્ડ કરવામાં આવે છે. વપરાશકર્તાની બાજુએ, વાહનોની તમામ માહિતીને વિઝ્યુઅલાઈઝ કરવાનું અને વાહનોના એલાર્મ અને પ્રોગ્રામ સ્ટેટસને સંશોધિત કરવાનું શક્ય બનાવે છે, ખાસ સોફ્ટવેરનો ઉપયોગ કરીને કમ્પ્યુટર અથવા સ્માર્ટફોન/ટેબ્લેટ દ્વારા વાહનોને તેમના તાત્કાલિક અને ઈતિહાસ રેકોર્ડ્સ પર ટ્રેક કરી શકાય છે. આ માળખું વાહન ટ્રેકિંગ સિસ્ટમ્સની કામગીરી માટેનો આધાર બનાવે છે.

### વ્હીકલ ટ્રેકિંગ મોનિટરિંગ સિસ્ટમ શા માટે?

ખનિજના ધંધામાં પૂરતો લાભ મળે તે હેતુ થી ખનીજ ઉત્પાદકતા અને કાર્યક્ષમતામાં વધારો કરવા માટે દરેક કંપની સખત મહેનત કરે છે. વાહન ટ્રેકિંગનો એક ફાયદો એ છે કે તે તમને તમારા મશીનો, વાહનો અને ડ્રાઈવરના કાર્યક્ષમતા સ્તરનું સંચાલન કરવામાં મદદ કરી શકે છે.

અસરકારક વાહન ટ્રેકિંગ સિસ્ટમમાં આ સુવિધાઓ હોવી જોઈએ

- રીઅલ-ટાઈમ જીપીએસ ટ્રેકિંગ સોલ્યુશન
- પ્રવાસ ઈતિહાસ રેકોર્ડિંગ.
- ડ્રાઈવર વર્તન મોનીટરીંગ.
- સુનિશ્ચિત અને માર્ગ ઓપ્ટિમાઈઝેશન.
- વાહન જાળવણી ટ્રેકિંગ.

### વાહન ટ્રેકરના ફાયદા:

- એક કરતાં વધુ ક્ષેત્રોમાં ખર્ચમાં ઘટાડો.
- છેતરપિંડી સામે તમારા વ્યવસાયને સુરક્ષિત કરે.
- તમારા વાહનોને સુરક્ષિત રાખવા માટે સુરક્ષામાં સુધારો કરે.
- ઉત્પાદકતા અને કાર્યક્ષમતામાં વધારો કરે.
- વધુ માહિતગાર સંચાર સાથે સારી ગ્રાહક સેવા પ્રદાન કરે.

- ઉત્પાદકતા અને કાર્યક્ષમતામાં વધારો
- જો તમે વાહન કાફલાનું સંચાલન કરો છોતો વાહન ટ્રેકિંગ સાથે, તમે તમારા ડ્રાઈવરો કેવી રીતે કામ કરી રહ્યા છે તેનું નિરીક્ષણ કરી શકો છો. તમે જોઈ પણ શકો છોકે:
- તેઓએ કેટલા માઈલની મુસાફરી કરી છે
- તેઓ કેટલા સમય માટે સાઈટ પર છે
- તેમની મુસાફરીમાં કેટલો સમય લાગે છે
- તેમના પ્રદર્શન (performance) વિશે અન્ય ઘણી બાબતો
- ખાણકામ અને તેની લોજિસ્ટિક્સ પ્રવૃત્તિઓમાં પારદર્શિતામાં વધારો

તમે તમારા વાહન ટ્રેકર્સ (VTMS) પાસેથી મેળવેલી તમામ માહિતીનો ઉપયોગ એવા કારણોને શોધવા માટે કરી શકો છો જે જાણી તમે તમારા સ્ટાફની ઉત્પાદકતામાં સુધારો કરી શકો. ઉદાહરણ તરીકે, તમે જોઈ શકો છો કે તેઓ સાઈટ્સ વચ્ચે શ્રેષ્ઠ માર્ગો લઈ રહ્યાં છે કે નથી. વાહન ટ્રેકિંગ સૉફ્ટવેર ટ્રાફિક જામ બતાવી શકે છે અને તમારા ડ્રાઈવરોને ચેતવણી આપી શકે છે જેથી તેઓ ટ્રાફિકમાં વિલંબ ન કરે. આવી પરિસ્થિતિમાં રૂટ બદલવાથી તેમને તેમના ગંતવ્ય સુધી પહોંચવામાં કેટલો સમય લાગે છે અને ત્યાં પહોંચવા માટે તેઓ જે ઈંધણનો ઉપયોગ કરે છે તે બંને બાબતોને ઘટાડી શકે છે, જેથી તમારા વ્યવસાયનો સમય અને નાણાં બન્નેની\ બચત થવા પામે..

તમને અજાણ્યા રાખી ડ્રાઈવર અને નોકરો દ્વારા કરેલી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને રોકવા માટે જીપીએસ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ખનિજનું પરિવહન કરતા વાહનોના નેવિગેશન રૂટનું નિરીક્ષણ અને ટ્રેકિંગ કરી પરિવહનના પૂર્વ-નિર્ધારિત માર્ગમાં વિચલન થાય તો તેની ચેતવણીઓ આપી શકો છો. તમે સુનિશ્ચિત કરી શકો છો કે ખનિજ નિર્ધારિત સ્થાન પર અને નિર્ધારિત સમયે ઓફલોડ / ડિલિવરી કરવામાં આવે છે કે કેમ? તે જાણી શકશો

### વ્હીકલ ટ્રેકિંગ મોનિટરિંગ સિસ્ટમમાંઅડચણો:

શરૂઆતમાં, કોઈપણ પ્રક્રિયા અથવા તકનીકનો ઉપયોગ કરવામાં સામાન્ય રીતે અવરોધોનો (bottlenecks) સામનો કરવો પડે છે. VTMS પદ્ધતિનો ઉપયોગમાં કેટલીક અડચણો પણ આવી શકે છે, જેનું નિવારણ અમુક સાવધાનીઓ રાખી સકારાત્મક વલણ રાખી આપસી સહયોગથી કરી શકાય છે. વ્હીકલ ટ્રેકિંગ સિસ્ટમમાં સૌથી વધુ વ્યાપક સમસ્યાઓની તપાસ કરતા જીપીએસ વ્હીકલ ટ્રેકિંગ સિસ્ટમના ગેરફાયદા અને મુખ્ય સમસ્યાઓ/સૌથી અગ્રણી નકારાત્મક મુદ્દાઓ નીચે મુજબ હોઈશકે છે.

- સ્થાનની અચોક્કસતા અને ડ્રિફ્ટિંગ
- GPS રીસીવરો ઓછામાં ઓછા ચાર ઉપગ્રહોના સિગ્નલો પર આધાર રાખે છે. જો તેઓ માત્ર ત્રણ સાથે જોડાયેલા હોય, તો સ્થિતિ સંપૂર્ણપણે સચોટ નથી. જ્યારે દિવાલો, ઈમારતો, ગગનચુંબી ઈમારતો અને વૃક્ષો જેવા અવરોધો સિગ્નલને અવરોધે છે, ત્યારે સમસ્યાઓ ઊભી થઈ શકે છે.
- જીઓમેગ્નેટિક તોફાનો અને અન્ય આત્યંતિક વાતાવરણીય પરિસ્થિતિઓ પણ સમસ્યાઓનું કારણ બની શકે છે. વધુમાં, GPS સાથે જોડાણમાં ઉપયોગમાં લેવાતી મેપિંગ ટેકનોલોજી અચોક્કસ અથવા જૂની હોઈ શકે છે, જેના પરિણામે નેવિગેશનલ ભૂલો થઈ શકે છે.
- **નબળા સિગ્નલ અને બેટરી (life) જીવનની ચિંતાઃ** જો સિગ્નલની નિષ્ફળતા હોય અથવા તમે બેટરીથી ચાલતા ઉપકરણનો ઉપયોગ કરી રહ્યાં હોવ જે પાવર ખતમ થઈ જાય તો માત્ર GPS પર આધાર રાખવો સમસ્યારૂપ બની શકે છે (GPS ઉપકરણો લગભગ હંમેશા પાવર-હંગ્રી હોય છે). જ્યાં સુધી તમારી પાસે બેકઅપ પ્લાન ન હોય, જેમ કે હાર્ડ કોપી નકશા, તમે સરળતાથી ખોવાઈ (lost) જઈ શકો છો અને કઈ રીતે જવું તેની કોઈ જાણ થતીનથી.
- **ખોટા રૂટઃ** અન્ય મુદ્દો એ છે કે સ્થિતિ અમુક સમયે નોંધપાત્ર રીતે બંધ થઈ શકે છે, ખાસ કરીને જ્યારે ઉપગ્રહોની સંખ્યા મર્યાદિત હોય. ઉપગ્રહો પરમાણુ ઘડિયાળોનો ઉપયોગ કરે છે, જે ખૂબ જ ચોક્કસ હોય છે, પરંતુ કેટલીકવાર વિસંગતતાઓ હોય છે અને તેથી સમય માપવામાં ભૂલો થાય છે. ઉપગ્રહોએ તેમની પૂર્વવ્યાખ્યાયિત ભ્રમણકક્ષાની સ્થિતિ જાળવી રાખવી જોઈએ, પરંતુ ગુરુત્વાકર્ષણ ખેંચાણ (પૃથ્વી, ચંદ્ર અને સૂર્યમાંથી) વિચલિત કરે છે.

### વ્હીકલ ટ્રેકર કનેક્ટિવિટી સમસ્યાઓનું નિવારણ કેવી રીતે કરવું?

અહીં સામાન્ય વાહન ટ્રેકર કનેક્ટિવિટી સમસ્યાઓનું નિવારણ કરવાની કેટલીક રીતો છે:

ચોકસાઈની (accuracy) સમસ્યાઓ સામાન્ય રીતે સ્થાનની ભૂલને કારણે થાય છે, જે ત્યારે થાય છે જ્યારે તમારા એન્ટેનાને સેટેલાઈટ સિગ્નલ ઉપાડવામાં અથવા જાળવવામાં મુશ્કેલી પડે છે. આ સૂચવે છે કે તે યોગ્ય રીતે સ્થિત (location) નથી. તમારે તમારા એન્ટેના અથવા GPS ટ્રેકિંગ ઉપકરણને આકાશના સ્પષ્ટ દૃશ્ય સાથેના સ્થાન પર સ્થાનાંતરિત કરવું આવશ્યક છે.

### વ્હીકલ ટ્રેકિંગ મોનિટરિંગ સિસ્ટમ પછી શું?

ગુજરાત મિનરલ (ગેરકાયદેસર ખાણકામ, પરિવહન અને સંગ્રહ નિવારણ) નિયમો ૨૦૧૭ ના નિયમ ૪ (૨) મુજબ ખનિજ ના ગેરકાયદેસર ખાણકામ, પરિવહન અને સંગ્રહ નિવારણ કરવા માટે ઈલેક્ટ્રોનિક સિસ્ટમ સ્થાપિત કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે, તે મુજબ સરકાર આવનાર સમયમાં ખનિજના ગેરકાયદેસર ખાણકામ, પરિવહન અને સંગ્રહ નિવારણ કરવા માટે જીઓફેન્સીન્ગ અને ડ્રોન ટેકનોલોજી નો ઉપયોગ પણ કરી શકે છે.

### જીઓફેન્સિંગ:

જીઓફેન્સિંગ એ મોટાભાગના GPS વાહન ટ્રેકિંગ સિસ્ટમ્સમાં એક વિશેષતા છે જેનો ઉપયોગ કરીને વપરાશકર્તાઓ ચોક્કસ વિસ્તારની આસપાસ જેમ કે માઈનિંગ લીઝ અથવા રજિસ્ટર્ડ સ્ટોક અથવા પ્લાન્ટ માટે વર્ચ્યુઅલ સીમાઓ બનાવી શકે છે, જેને જીઓફેન્સ તરીકે પણ

ઓળખવામાં આવે છે. જ્યારે પણ કોઈ વાહન વિસ્તારમાં પ્રવેશે છે અથવા બહાર નીકળે છે, ત્યારે વપરાશકર્તાને તે જ જણાવતા યોગ્ય ચેતવણી પ્રાપ્ત થશે. જીઓ ફેન્સીન્ગથી સરકાર રોયલ્ટી લીઝ વિસ્તારોમાં થી જ નીકળે, તેમજ ડિલિવરી ચલણ રજિસ્ટર્ડ સ્ટૉકયાર્ડમાં થી જ નીકળે અને તે જે તે નિર્ધારિત કરેલ જગ્યા માં જ ખાલી થાય છે તેના પર પણ કંટ્રોલ કરી શકે છે.તે બાબતે અત્યાર થીજ સાવચેત થઈ જવું જોઈએ. પોતાના વિસ્તારના અક્ષાંસ દેશાંતર પાકા કરી પ્રમાણિત કરાવી રાખવા જોઈએ.

**ડ્રોન સર્વેલન્સ:**

CGMનું કાર્યાલય પુરાવા આધારિત દેખરેખ હેતુઓને રોકવા માટે ખાણકામ વિસ્તારોમાં UAV – ડ્રોનનો ઉપયોગ કરવાની પ્રક્રિયામાં છે. સરકાર માટે ડ્રોનના ફાયદા અને એપ્લિકેશન નીચે મુજબ છે:

- ગેરકાયદેસર ખાણ કામપ્રવૃત્તિઓને રોકવા માટે ખાણકામ કરવામાં આવતા વિસ્તારોની દેખરેખ અને ખાણકામ યોજના, પર્યાવરણ, ઉત્પાદન, રવાનગી અને રોયલ્ટી ચુકવણી પર દેખરેખ.
- ટ્રકોની અવરજવર પર નજર રાખી કોઈ ગેરકાયદેસર પરિવહન થઈ રહ્યું છે કે કેમ તે ચકાસવું.
- ચાલુ પ્રવૃત્તિઓના મોનિટરિંગ માટે ફીડ્સનું લાઈવ સ્ટ્રીમિંગ.
- ભાવિ પ્રક્રિયાઓ અને કાનૂની કાર્યવાહી માટે રેકોર્ડિંગ સ્ટોર કરી શકે છે.

પટેદાર ડ્રોન સર્વેલન્સના ઉપરોક્ત પરિણામનો ઉપયોગ દૂરની સાઈટ પર આવેલ તેના લીઝ વિસ્તાર માટે તેની ઓફિસમાં બેસીને તેના વ્યવસાયના નિયંત્રણ માટે પણ કરી શકે છે.

**GUJIN ઈન્ડસ્ટ્રી એસોસિએશનના સૂચનો:**

ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન ગેરકાયદેસર ખાણકામ અને ખનિજ પરિવહનને સમર્થન કે પ્રોત્સાહિત કરતું નથી. તેણે ગેરકાયદેસર ખાણકામ અને ખનિજ પરિવહનને રોકવા માટે સરકારની પહેલને પણ ટેકો આપ્યો છે. તે જ રીતે તે પણ એટલું જ મહત્વનું છે કે યોગ્ય/નિયમિત ખાણકામ અને ખનિજ પરિવહનમાં હેરાનગતિ અને અયોગ્ય મુશ્કેલીઓનો સામનો કરવો ન પડે તે અપેક્ષા રાખે છે કે સરકાર હંમેશા વ્યવસાય કરવાની સરળતાના 'easy of doing business' સિદ્ધાંતને ધ્યાનમાં રાખે. પરસ્પર લાભમાં VTMSના સફળ અમલીકરણ માટે આ સંબંધમાં કેટલીક સમસ્યાઓ ઉકેલવી જરૂરી છે.

- હાલમાં VTMS ગુજરાતમાં ખનિજ ઉદ્યોગમાં ઉપયોગમાં નથી અથવા મર્યાદિત ઉપયોગમાં છે. તેથી સરકારે કડક અમલ માટે ઉતાવળ કરવી જોઈએ નહીં. વ્યાપક સ્વીકૃતિ માટે, તે તબક્કાવાર રીતે અમલમાં મૂકવું જોઈએ.
- VTMS દ્વારા ઈ-રોયલ્ટી જનરેશન અને ટ્રેકિંગ પર, ગંતવ્ય સ્થાન પર ડિલિવરી માટે સમય મર્યાદા માટેની જોગવાઈનો હવે કોઈ મહત્વ રહેતો નથી (કારણ કે તે ઉપકરણ દ્વારા Realtime ટ્રેક કરવામાં આવશે). તેથી, અનલોડિંગ બિંદુ માટે સમય માટે કોઈ ઉપલી અથવા નીચલી મર્યાદા હોવી જોઈએ નહીં.
- ગંતવ્ય સ્થાન પર અનલોડ કરતી વખતે તરત જ, વાહનને ખનિજના આગલા લોડને લોડ કરવા માટે qualified કરવું આવશ્યક છે. ટ્રકો acknowledge આપ મેળે થઈ જવી જોઈએ
- VTMS ઉપકરણો તમામ પ્રકારના માલસામાનના વહન માટે પ્રમાણભૂત હોવા જોઈએ. દેશ એક ટ્રેકિંગ ઉપકરણ એક one nation one tracking device. તે વિવિધ સામાન અથવા વ્યવસાયની જરૂરિયાત માટે વિવિધ ઉપકરણોને ફિટ કરવાની જરૂરિયાતને ટાળવા માટે જરૂરી છે. વધારામાં CGM દ્વારા નામાંકિત VTMS લગાવવાની શરત થી VTMS વેચાણ કંપનીઓ મોનોપોલી રાખી ભાવ વધારો કરેલ છે. પૂરતી કોમ્પિટિશન રાખવાથી VTMS ના ભાવ અંકુશ માં રહેશે અને ખોટા ખર્ચનો બોજ ઓછો થશે.
- આવી ઉચ્ચ તકનીકના અમલીકરણઅને વાસ્તવિક સમય પર દેખરેખ રાખવા (real time monitoring) પછી, "special security papers" પર રોયલ્ટીની પ્રિન્ટિંગની જરૂરિયાત નાબૂદ થવી જોઈએ. તેના બદલે ઊઇ QR કોડ જેવી નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી શકે છે.
- VTMS ઉપકરણની ખામી અને વાહનના બગડવા અને ગંભીર સમારકામ માટે લાગતો સમય અથવા રસ્તામાં અન્ય જરૂરી હોલ્ટ્સ પર વાહન ચાલક, વાહનભાડે લેનાર અને સ્ટોકિસ્ટને ચેકિંગ દ્વારા કોઈપણ પ્રકારની હેરાનગતિ થવી જોઈએ નહીં.
- પ્રોસેસ્ડ ખનિજ અન્ય રાજ્યની ટ્રકો દ્વારા તેમની પરત ફરેલ સફર returned trip માટે સસ્તા નૂર તરીકે રાજ્ય/અંતર રાજ્યમા મોકલવામાં આવે છે. એવા મીનેરલ્સની આવર્તન ઓછી હોય છે. નૂર લાભ એ તક આધારિત છે અને ઓછી કિંમતના ખનિજના જથ્થાની સ્પર્ધાત્મકતા માટેનું મહત્વનું પરિબળ છે, ઓછી કિંમતના ખનિજો જેમ કે ડોલોમાઈટ, ચોક, બેન્ટોનાઈટ વગેરે ભરવા આવેલ અન્ય પ્રાંતની ટ્રકો આવી VTMS ફિટિંગ માટેના જરૂરિયાત માટે ખર્ચની અનિચ્છા કરશે અને નોંધણી અને લોડ મેળવવાનો ઈનકાર કરી શકે છે. ખનિજ વેપારી સસ્તા પરિવહનની તક ગુમાવશે અને આર્થિક રીતે નુકસાન થશે.
- અન્ય રાજ્યમાંથી પ્રોસેસિંગ અને મૂલ્યવર્ધન માટે પ્રાપ્ત કરેલ ખનિજને નોંધણી ધારકોએ તેમના સ્ટોકમાં તે જથ્થો ઉમેરવાની મંજૂરી આપવી જોઈએ.

• • • •

ગુજમીન ઇન્ડસ્ટ્રીએસોસીએશન, અમદાવાદ

રજીસ્ટ્રેશન નં.:- F/15136/AHD

તારીખ : ૩૧-૦૩-૨૦૨૩ ના રોજ પુરા થતાંવર્ષનું ઉપજ-ખર્ચ ખાતું

| | વિગત | ૩૧.૦૩.૨૦૨૩ | ૩૧.૦૩.૨૦૨૨ |
|---|---|---|---|
| | ઉપજ | | |
| ૧ | મેમ્બરશીપ ફી ની આવક | ૩૫૩૦૦૦ | ૪૮૨૪૦૦.૦૦ |
| ૨ | વાર્ષિક સાધારણ સભા સ્પોનશર ડોનેશન | ૨૫૦૦૦ | ૦૦-૦૦ |
| ૩ | થાપાણો તથા બેંકખાતા પર મળેલ વ્યાજ | ૩૨૮૬૯૮ | ૨૮૩૭૦૨.૦૦ |
| ૪ | ઇન્કમટેક્ષ રીફંડઉપર વ્યાજ | ૧૯૨૬ | ૦૦.૦૦ |
| ૫ | જાહેરત આવક | ૦ | ૯૯૫૦.૦૦ |
| ૬ | પરચુરણ આવક | ૧ | ૬૦૦૦-૦૦ |
| ૭ | કસર | | ૦-૦૦ |
| ૮ | મેમ્બેર્શીપ ડીરેક્ટરી વેચાણ આવક | ૩૧૦૦ | ૦ |
| ૯ | લીગલ આવક | ૨૦૦૦ | ૦ |
| ૧૦ | નવા કોર્પોરેટ મેમ્બર આવક | ૧૦૦૦૦ | ૦ |
| | ચાલુ સાલે ખર્ચનોવધારો જે સરવૈયામાં લઇ ગયા | | ૦-૦૦ |
| | કુલસરવાળો... | ૭,૨૩,૭૨૫.૦૦ | ૭,૮૨,૦૫૨.૦૦ |
| | | | |
| | | ૩૧.૦૩.૨૦૨૩ | ૩૧.૦૩.૨૦૨૨ |
| ૧ | ખર્ચની વિગત : (એનેક્ષર-૧) | ૮,૦૨,૩૩૨.૮૦ | ૭,૪૩,૫૫૦.૮૦ |
| | ચાલુ સાલે ખર્ચનો વધારો જે સરવૈયામાં લઇ ગયા | -૭૮,૬૦૭.૮૦ | ૩૮,૫૦૧.૨૦ |
| | કુલસરવાળો... | ૭,૨૩,૭૨૫.૦૦ | ૭,૮૨,૦૫૨.૦૦ |

**UDIN:- 23016613BGZEZF1726**

અમારા આજ તારીખના ઓડિટરીપોર્ટ મુજબ.

મે. અનીલ એસ. શાહ એન્ડ કું.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ.

ગુજમીન ઇન્ડસ્ટ્રી એસોસીએશન વતી

ANIL S. SHAH & CO. AHMEDABAD CHARTERED ACCOUNTANTS

ભાગીદાર

(અનિલ એસ. શાહ)

મેમ્બરશીપ નં.- ૦૧૬૬૧૩

એફ.આર.એન. નં.- ૧૦૦૪૭૪W

સ્થળ :- અમદાવાદ

તારીખ :- 01.09.2023

એન.એમ. ત્રિવેદી — પ્રમુખ

દિવ્યેશ લાખાણી — માનદ મંત્રી

જે.જી.પટેલ — માનદખજાનચી

ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નં.સીજીએમ/એફએસ/જીપીએસ/૨૦૨૩-૨૪/૭૦૯૬
તા.૨૮/૦૭/૨૦૨૩

"ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ હેઠળ ઈલેક્ટ્રોનિક સિસ્ટમ સ્થાપિત કરવા બાબત"

**વંચાણે લીધા :-**

(૧) ગુજરાત ખનિજ (ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહ નિવારણ) નિયમો-૨૦૧૭

(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર ના જાહેરનામા ક્રમાંક : GU/2021/12/ GMR-102020-1800(1)-CHH, તા.૨૨/૦૪/૨૦૨૧

## -: પરિપત્ર :-

**આમુખ :-**

રાજ્યમાં ખનિજના ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહ નિયમન માટે "ધી માઇન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) અમેન્ડમેન્ટ એક્ટ ૧૯૫૭"ની જોગવાઇઓ તથા "ગુજરાત ખનિજ (ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહ નિવારણ) નિયમો-૨૦૧૭ ના નિયમ-૪(૨)" મુજબ ખનિજ ના ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહ ના નિવારણ માટે ઇલેક્ટ્રોનીક સિસ્ટમ સ્થાપિત કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. તે બાબતે વંચાણ (૨) થી તા.૨૨/૦૪/૨૦૨૧ ના રોજ જાહેરનામું કરી કમિશનરશ્રી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ જે નિર્ધારીત કરે તે મુજબની કાર્ય પદ્ધતિ અનુસરવા જણાવેલ હતું. સદરહું જાહેરનામાથી પ્રાપ્ત સત્તા રૂએ આનુષંગિક વ્યવસ્થા ઉભી કરવા નીચે મુજબની સૂચનાઓ તાત્કાલિક અસરથી પરિપત્રિત કરવામાં આવે છે.

**સૂચનાઓ :-**

૧) ગુજરાત ખનિજ (ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહ નિવારણ) નિયમો-૨૦૧૭ ના નિયમ - ૪ ના પેટા નિયમ-૬ ની જોગવાઈ મુજબ Integrated Lease Management System (ILMS) પોર્ટલમાં નોંધણી કરાયેલ (Registered) તમામ વાહનોએ માત્ર રૂ.૧૦૦૦/- નોંધણી ફી તા.૩૦/૦૯/૨૦૨૩ સુધીમાં ILMS પોર્ટલમાં ભરપાઈ કરવાની રહેશે અને જે વાહનોની ILMS પોર્ટલમાં નોંધણી કરાવવાની બાકી હોય (Unregistered) તેવા તમામ વાહનોના વાહનમાલિકોએ તા.૩૦/૦૯/૨૦૨૩ સુધીમાં ILMS પોર્ટલના રજીસ્ટ્રેશન મોડ્યુલમાં વાહન દીઠ રૂ.૧૦૦૦/- નોંધણી ફી ઓનલાઈન ભરપાઈ કરી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

૨) સૂચના-(૧) મુજબ ILMS પોર્ટલમાં રજીસ્ટ્રેશન થકી જોડાયેલ તમામ વાહનોમાં અનુસૂચિ-૧ મુજબના સ્પેસિફિકેશન ધરાવતા અથવા કચેરી દ્વારા એમ્પેનલ કરાયેલ મોડેલના જીપીએસ બેઝ્ડ વ્હીકલ ટ્રેકિંગ ડિવાઇસ તા.૩૦/૦૯/૨૦૨૩ સુધીમાં લગાવી તેને અનુસૂચિ-૨ માં દર્શાવેલ માર્ગદર્શિકા મુજબ કમિશનરશ્રી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કચેરી ના VTMS (Vehicle Tracking & Monitoring System) પોર્ટલ (https://vtmscgm.gujarat.gov.in) સાથે જોડવાના રહેશે. કમિશનરશ્રી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કચેરી દ્વારા એમ્પેનલ કરેલ એજન્સી મારફતે જીપીએસ બેઝ્ડ વ્હિકલ ટ્રેકિંગ ડીવાઇસ ના રજીસ્ટ્રેશન ની પ્રક્રિયા હાથ ધરી અધિકૃત કરેલ મોડેલ જ લગાવવાનાં રહેશે. વધુમાં, માત્ર કમિશનરશ્રી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કચેરી દ્વારા સમયાંતરે એમ્પેનલ કરવામાં આવતી એજન્સી અને અધિકૃત કરેલ મોડેલનો ઉપયોગ કરવાનો રહેશે.

બ્લોક નં.૧૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર, ગુજરાત- ૩૮૨૦૧૦
ટેલિફોન નં.:- ૦૭૯-૨૩૨૫૪૦૫૦, ઈ-મેઈલ:- ad-fs-cgm@gujarat.gov.in

૩) ખેતીવાડી માટે ઉપયોગમાં આવતા ટ્રેક્ટર/ટ્રૉલી માટે સદર સૂચનાઓ લાગુ પડશે નહિ પરંતુ ખેતીવાડી ઉપયોગ સિવાયના ખનિજ વહન સાથે જોડાયેલ વાહન માલિકોએ તેમના ટ્રેક્ટર/ટ્રૉલી કમિશનરશ્રી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કચેરીના VTMS (Vehicle Tracking & Monitoring System) પોર્ટલ VTMS (https://vtmscgm.gujarat.gov.in) સાથે જોડવાના રહેશે. સદરહુ જીપીએસ બેઝ્ડ વ્હીકલ ટ્રેકિંગ ડિવાઇસ માત્ર કમિશનરશ્રી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કચેરી દ્વારા એમ્પેનલ કરેલ એજન્સી મારફત અને અધિકૃત કરેલ મોડેલ ના જ લગાવવાના રહેશે.

૪) ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગ ના તા.૨૨/૦૪/૨૦૨૧ ના વંચાણ (૨) મુજબના જાહેરનામા માં ઠરાવેલ જોગવાઈઓ મુજબ "ગુજરાત ખનિજ (ગેરકાયદેસર ખનન,વહન અને સંગ્રહ નિવારણ) નિયમો-૨૦૧૭" અંતર્ગત રાજ્યમાં ખનિજ ખનન, વહન અને સંગ્રહ સાથે જોડાયેલ વાહન માલિક, વાહન, વે-બ્રિજ ધારક, માઈન ડેવલોપમેન્ટ ઓપરેટર, યાંત્રિક મશીનરીના માલિક અને ધંધાર્થી (Traders) એ ILMS પોર્ટલ (https://cgmatr.ncode.in) માં નોંધણી કરાવવા બાબતે ઉકત સૂચનાઓનું પાલન કરવાનું ફરજિયાત રહેશે.

૫) તા.૩૦/૦૯/૨૦૨૩ બાદ જીપીએસ બેઝ્ડ વ્હીકલ ટ્રેકિંગ ડિવાઇસ થકી VTMS પોર્ટલ ઉપર નોંધણી ન કરાયેલ (Unregistered) વાહનો રાજયમાં ખનિજના ખનન, વહન અને સંગ્રહના ઉપયોગ માટે અમાન્ય ગણાશે તેમજ તે અન્વયે નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

૬) તમામ જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી/મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીઓએ પોતાના જિલ્લાના તમામ લીઝ/સ્ટોક/પરમીટ/વે-બ્રિજ ધારકો અને તેઓની સાથે જોડાયેલ વાહનમાલિકોને તાત્કાલિક ધોરણે જાણ કરવાની રહેશે અને ખનિજના ખનન, વહન અને સંગ્રહ સાથે સંકળાયેલ તમામ વાહનમાલિકોને પરિપત્રની જોગવાઈઓ મુજબ અમલ કરવા આથી સૂચના આપવામાં આવે છે.

Dhaval
૨૪/૭/૨૩
ડૉ. ધવલ પટેલ, આઈ.એ.એસ.
કમિશનર
ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ સવિનય રવાના :-

- માન.અધિક મુખ્ય સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, બ્લોક નં.૫, ત્રીજો માળ, સચિવાલય, ગાંધીનગર

નકલ રવાના :-

- વાહન વ્યવહાર કમિશનર શ્રી, બ્લોક નં.૬, જુના સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તેમજ કાર્યવાહી અર્થે
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રી તરફ જરૂરી અમલવારી અર્થે
- અધિક નિયામકશ્રી (વિકાસ/એફ.એસ/સંશોધન), ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ, ગાંધીનગર
- સર્વે ભૂસ્તરશાસ્ત્રીશ્રી/મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીશ્રી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ જિલ્લા કચેરી તરફ જાણ તેમજ અમલવારી કરવા સારૂ
- આઈ.સી.ટી. અધિકારીશ્રી, આઈ.ટી.શાખા, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ, ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી વ્યવસ્થા ઉભી કરવા સારૂ
- એસ.ઓ. ફાઈલ

બ્લોક નં.૧૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર, ગુજરાત- ૩૮૨૦૧૦
ટેલિફોન નં.:- ૦૭૯-૨૩૨૫૪૦૫૦, ઈ-મેઈલ:- ad-fs-cgm@gujarat.gov.in

ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નં.સીજીએમ/એફએસ/એન્ડ-યુઝર/૨૦૨૩-૨૪/૭૮૫ "ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ હેઠળ એન્ડ-યુઝર ના રજીસ્ટ્રેશન બાબત"
તા.૨૮/૦૭/૨૦૨૩

વંચાણે લીધા :-

(૧) ગુજરાત ખનિજ (ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહ નિવારણ) નિયમો-૨૦૧૭

(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર ના જાહેરનામા ક્રમાંક : GU/2021/13/GMR-102020-1800(2)-CHH, તા.૨૨/૦૪/૨૦૨૧

## -: પરિપત્ર :-

**આમુખ :-**

રાજ્યમાં ખનિજના ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહ નિયમન માટે "ધી માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) અમેન્ડમેન્ટ એક્ટ ૧૯૫૭"ની જોગવાઈઓ તથા "ગુજરાત ખનિજ (ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહ નિવારણ) નિયમો-૨૦૧૭ ના નિયમ-૪(૨)" મુજબ ખનિજ ના ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહ ના નિવારણ માટે ઈલેક્ટ્રોનીક સિસ્ટમ સ્થાપિત કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. તે બાબતે વંચાણ (૨) થી તા.૨૨/૦૪/૨૦૨૧ ના રોજ જાહેરનામું કરી કમિશનરશ્રી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ જે નિર્ધારીત કરે તે મુજબની કાર્ય પદ્ધતિ અનુસરવા જણાવેલ હતું. સદરહું જાહેરનામાથી પ્રાપ્ત સત્તા રૂએ આનુષંગિક વ્યવસ્થા ઉભી કરવા નીચે મુજબની સૂચનાઓ તાત્કાલિક અસરથી પરિપત્રિત કરવામાં આવે છે.

**સૂચનાઓ :-**

ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગ ના તા.૨૨/૦૪/૨૦૨૧ ના જાહેરનામા ક્રમાંક: GU/2021/13/GMR-102020-1800(2)-CHH મુજબ ગુજરાત ખનિજ (ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહ નિવારણ) નિયમો-૨૦૧૭ ના નિયમ-૪ ના પેટા નિયમ-૫ અને ૭ તથા નિયમ-૨ ના પેટા નિયમ-૧ ની નિયમ (i) મુજબ રાજ્યમાં ખનિજ વપરાશ સાથે જોડાયેલ તમામ અંતિમ વપરાશકર્તા (End User) એ નીચે જણાવ્યા મુજબની પદ્ધતિ અનુસાર ઓનલાઈન સિસ્ટમમાં દિન-૬૦ માં રજીસ્ટ્રેશન કરાવવાનું ફરજિયાત રહેશે. ગુજરાત ખનિજ (ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહ નિવારણ) નિયમો- ૨૦૧૭ ના નિયમ-૪ ના પેટા નિયમ-૫ ના નિયમ (a) અને (c) મુજબ નીચે દર્શાવ્યા મુજબના ખનિજ જેવા કે ચાઈના કલે, બોલ કલે, ફેલ્સપાર, બોક્સાઈટ, સાદીરેતી, બ્લેકટ્રેપ વગેરે ના અંતિમ વપરાશકર્તા (End User) ILMS પોર્ટલ (https://cgmatr.ncode.in) માં લૉગિન કરી રજીસ્ટ્રેશન મોડ્યુલમાં જઈ લાગુ પડતી ફી ઓનલાઈન જમા કરાવી, સ્ટોરેજ રજીસ્ટ્રેશન હેઠળના ભાગરૂપે અંતિમ વપરાશકર્તા (End User) કેટેગરીમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. સદર પ્રક્રિયા પૂર્ણ થતાં રજીસ્ટ્રેશન પૂર્ણ થશે અને રજીસ્ટ્રેશનની નકલ ઈ-મેઈલ મારફતે મળી રહેશે.

1) કેપ્ટિવ વપરાશ ધરાવતા એન્ડ-યુઝર :- ગુજરાત રાજ્ય માં કેપ્ટિવ વપરાશ માટેની લીઝ ધરાવતા તમામ

ખનિજ કન્સેશન ધરાવનાર કે જેઓ લીઝ વિસ્તારની અંદર કે બહાર પ્રોસેસિંગ પ્લાન્ટ ધરાવતા હોય તેઓએ રૂ.૫૦૦૦/- રજીસ્ટ્રેશન ફી ભરી પોર્ટલમાં કેપ્ટિવ વપરાશ ધરાવતા એન્ડ યુઝર તરીકેની નોંધણી કરાવવાની રહેશે.

2) પ્રોસેસિંગ પ્લાન્ટ ધરાવતા ઉદ્યોગ/સ્ટોકિસ્ટ એન્ડ-યુઝર :- ગુજરાત રાજયમાં તમામ ઉદ્યોગ/સ્ટોકિસ્ટ કે જેઓ કોઈ ખનિજનો કાચામાલ તરીકેનો ઉપયોગ કરી પ્રોસેસ્ડ પ્રોડકટ/આર્ટીકલ બનાવતા તમામ ઉદ્યોગો જેવા કે સિરામીક, સિમેન્ટ, રેડી મિક્સ કોંક્રીટ (RMC) પ્લાન્ટ અને અન્ય ઉદ્યોગો/પ્લાન્ટ ધરાવતા હોય તેઓએ રૂ.૫૦૦૦/-રજીસ્ટ્રેશન ફી ભરી પોર્ટલમાં પ્રોસેસિંગ પ્લાન્ટ ધરાવતા ઉદ્યોગ/સ્ટોકિસ્ટ એન્ડ-યુઝર તરીકેની નોંધણી કરાવવાની રહેશે.

3) બાંધકામ વ્યવસાય (Construction Business) સાથે સંકળાયેલ એન્ડ-યુઝર :- ગુજરાત ખનિજ (ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહ નિવારણ) નિયમો-૨૦૧૭ ના નિયમ-૪ ના પેટા નિયમ-૭ માં જણાવ્યા મુજબના બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા તમામ અંતિમ વપરાશકર્તા (End User) કે જેઓ ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો-૨૦૧૭ ના પરિશિષ્ટ-૩ હેઠળ ના ભાગ-A માં દર્શાવેલ ખનિજ જેવા કે સાદીરેતી, હાર્ડ મોરમ, બ્લેક ટ્રેપ, બિલ્ડીંગ સ્ટોન વગેરેના ઉપયોગ ધરાવતા બાંધકામ પ્રોજેકટ સાથે સંકળાયેલ હોય તેઓએ રૂ.૧૦,૦૦૦/- રજીસ્ટ્રેશન ફી ભરી પોર્ટલમાં બાંધકામ સાથે સંકળાયેલ એન્ડ-યુઝર તરીકેની નોંધણી કરવાની રહેશે. જેની મંજૂરીની સમયમર્યાદા જે તે પ્રોજેકટ પૂર્ણ થવા સુધીની રહેશે.

4) ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો-૨૦૧૭ ના પરિશિષ્ટ-૩ હેઠળ ના ભાગ-A માં દર્શાવેલ ખનિજ જેવા કે સાદીરેતી, હાર્ડ મોરમ, બ્લેક ટ્રેપ, બિલ્ડીંગ સ્ટોન વગેરેના ઉપયોગ સાથે સંકળાયેલ સરકારી/અર્ધ સરકારી વિભાગો દ્વારા કરવામાં આવતા જાહેર/સરકારી બાંધકામ અર્થે જે તે વિભાગ દ્વારા પોર્ટલમાં નોંધણી ફી રુ.૫૦૦૦/- ભરપાઈ કરી સરકારી વિભાગીય કોન્ટ્રાકટર એન્ડ-યુઝર તરીકેની નોંધણી કરાવવાની રહેશે અને રાજ્ય સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ, સિંચાઈ વિભાગ, પંચાયત, બોર્ડ/કોર્પોરેશન, રેલ્વે, નેશનલ હાઈવે ઓથોરીટી, પબ્લીક હેલ્થ વિભાગ વગેરે તમામ વિભાગો દ્વારા કરવામાં આવતા જાહેર/સરકારી બાંધકામો અન્ય એજન્સી/કોન્ટ્રાકટર/પેટા-કોન્ટ્રાકટર ને સોંપવામાં આવે તો કામ કરનાર એજન્સી/કોન્ટ્રાકટર/પેટા-કોન્ટ્રાકટર એ રૂ.૫૦૦૦/-રજીસ્ટ્રેશન ફી ભરી પોર્ટલમાં સરકારી વિભાગીય કોન્ટ્રાકટર એન્ડ-યુઝર તરીકેની નોંધણી કરાવવાની રહેશે. વધુમાં એજન્સી/કોન્ટ્રાકટર/પેટા-કોન્ટ્રાકટરના રજીસ્ટ્રેશન કરાવવાની જવાબદારી જે તે ખાતા હેઠળ કામો કરતા હોય તે ખાતાના વડાની રહેશે.

5) કોઈપણ સંસ્થા જેવી કે ટ્રસ્ટ, કો-ઓપરેટિવ સોસાયટી, કંપની કે પાર્ટનરશિપ ફર્મ કે ગુજરાત રાજયમાં ચાલતી અન્ય કોઈ સંસ્થા જે ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો-૨૦૧૭ ના પરિશિષ્ટ-૩ હેઠળ ના ભાગ-A માં દર્શાવેલ ખનિજ જેવા કે સાદીરેતી, હાર્ડ મોરમ, બ્લેક ટ્રેપ, બિલ્ડીંગ સ્ટોન વગેરેના ઉપયોગ થકી બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલ હોય તેઓએ રૂ.૫૦૦૦/-રજીસ્ટ્રેશન ફી ભરી પોર્ટલમાં ટ્રસ્ટ, કો-ઓપરેટિવ સોસાયટી, કંપની કે પાર્ટનરશિપ ફર્મ તરીકે એન્ડ-યુઝર તરીકેની નોંધણી કરાવવાની રહેશે.

બ્લોક નં.૧૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર, ગુજરાત- ૩૮૨૦૧૦
ટેલિફોન નં.:- ૦૭૯-૨૩૨૫૪૦૫૦, ઈ-મેઈલ:- ad-fs-cgm@gujarat.gov.in

તમામ હયાત સ્ટોકધારક (Stockist) હોય તેવા કેટેગરી (a) અને (b) હેઠળ ના એન્ડ-યુઝરે આ પરિપત્ર ની તારીખથી દિન-૬૦ માં કેવાયસી-૧ અને કેવાયસી-૨ પૂર્ણ કરી, નવી સિસ્ટમમાં ઓનબોર્ડ થવાનું રહેશે. જ્યારે કેટેગરી (c), (d) તેમજ (e) હેઠળ ના એન્ડ-યુઝરે આ પરિપત્રની જોગવાઇઓ મુજબ નવીન સિસ્ટમ માં ઓનબોર્ડ થઈ રજીસ્ટર થવાનું રહેશે. વધુમાં ILMS પોર્ટલમાં અંતિમ વપરાશકર્તા (End User) તરીકે રજીસ્ટ્રેશન થયેલ હોય તેઓએ તા.૨૨/૦૭/૨૦૨૧ ના જાહેરનામાં મુજબ નવેસરથી રજીસ્ટ્રેશન કરાવવાની જરૂરિયાત રહેશે નહિ.

સદર સૂચનાઓ અમલમાં આવ્યાથી તમામ જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી/મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીઓએ વ્યવસ્થા અંગે પોતાના જિલ્લાના તમામ સ્ટોકધારક/ટ્રેડર/એન્ડ-યુઝર ને તાત્કાલિક ધોરણે જાણ કરી, પરિપત્રની જોગવાઇઓ મુજબ અમલ કરાવવા આથી સૂચના આપવામાં આવે છે.

Dhaval
૨૪/૭/૨૩

ડૉ. ધવલ પટેલ, આઈ.એ.એસ.
કમિશનર
ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ સવિનય રવાના :-

- માન.અધિક મુખ્ય સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, બ્લોક નં.૫, ત્રીજો માળ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

નકલ રવાના :-

- સચિવાલયના સર્વે વિભાગો (તેમના હસ્તકના બોર્ડ/કોર્પોરેશન, ખાતાના વડાની કચેરી અને અન્ય સંલગ્ન કચેરીઓને જાણ કરવાની વિનંતી સહ)
- કમિશનર મ્યુનિસિપાલિટી એડમીનીસ્ટ્રેશન ની કચેરી (આપના હસ્તકની અમદાવાદ, ભાવનગર, સુરત, ગાંધીનગર, રાજકોટ, વડોદરા કચેરીને જાણ કરવાની વિનંતી સહ)
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રી (આપશ્રીના કાર્યક્ષેત્ર હેઠળના તમામ સત્તાતંત્રોને જાણ તથા અમલવારી અર્થે)
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી (આપશ્રીના કાર્યક્ષેત્ર હેઠળના તમામ સત્તાતંત્રોને જાણ તથા અમલવારી અર્થે)
- અધિક નિયામકશ્રી (વિકાસ/એફ.એસ/સંશોધન), ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ, ગાંધીનગર
- સર્વે ભૂસ્તરશાસ્ત્રીશ્રી/મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીશ્રી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ જિલ્લા કચેરી તરફ જાણ તેમજ અમલવારી કરવા સારૂ
- આઈ.સી.ટી. અધિકારીશ્રી, આઈ.ટી.શાખા, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ, ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી વ્યવસ્થા ઉભી કરવા સારૂ
- એસ.ઓ. ફાઈલ

બ્લોક નં.૧૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર, ગુજરાત- ૩૮૨૦૧૦
ટેલિફોન નં.:- ૦૭૯-૨૩૨૫૪૦૫૦, ઈ-મેઈલ:- ad-fs-cgm@gujarat.gov.in

## ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશનના સભ્યશ્રીઓને

### વાર્ષિક લવાજમ જમા કરવા

### -: વિનંતીપત્ર :-

જયભારત સાથે જણાવવાનું કે એસોસીએશનના સભ્યશ્રીઓને ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ ના વાર્ષિક લવાજમના ઈન્વોઇસ મોકલી આપેલ છે. જે અન્વયે અસ્સોસીએશનના લિમિટેડ કંપનીના સભ્યોએ સભ્યદીઠ વાર્ષિક લવાજમ પેટે રૂ. ૧૦૦૦૦/- અને લિમિટેડ કંપની સિવાયના સભ્ય પાસેથી દર વર્ષ વાર્ષિક રૂ. ૨૫૦૦/- વર્ષ ૨૦૨૩-૨૪ થી લેવાનું ઠરાવેલ છે. જેથી સભ્યશ્રીઓને ચાલુ વર્ષની તથા અગાઉના વર્ષની બાકી રહેલી વાર્ષિક લવાજમની રકમ તાત્કાલિક મોકલી આપવા વિનંતી છે.

## ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન વિજ્ઞપ્તિ

૧. ગુજરાત રાજ્યના તમામ ખનિજ ખાણ ધારકો, ખનિજ ઉદ્યોગકારો, ખાણ-ખનિજ સલાહકારોને તથા ખાણ ઈજનેર ઈન્ડિયાના, અમદાવાદ ચેપ્ટર નીચે કામ કરતાં સ્થાનિક કેન્દ્રોને જણાવવાનું કે આપના ઉદ્યોગને લગતા નીતિ વિષયક, કાયદા વિષયક અથવા આ અંગે કોઈ સુચનો હોય તો ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસીએશન કાર્યાલય, અમદાવાદ ખાતે ઈ-મેઈલ (gujmin@gmail.com) દ્વારા અથવા પોસ્ટ દ્વારા મોકલી આપવા વિનંતી છે. આ સુચનોને ખનિજ પત્રિકામાં છાપવા યોગ્ય સલાહકાર મંડળને લાગશે તો ખનિજ પત્રિકામાં પ્રસિદ્ધ કરવામાં આવશે જેની તમામ વાંચકોએ નોંધ લેવા નમ્ર વિનંતી છે.

૨. ખનિજ પત્રિકાને આર્થિક રીતે સુદઢ બનાવવા માટે સભ્યશ્રીઓએ પોતાના ઉદ્યોગ/સંસ્થાની જાહેર ખબર આપવા અપીલ છે.

૩. ખનિજ પત્રિકા વાંચી, પોતાના અભિપ્રાય-સુચનો મોકલવા વિનંતી જેથી ખનિજ પત્રિકાને વધુ ઉપયોગી બનાવી શકાય. જીલ્લા કક્ષાએ કાર્યરત મંડળો તેમજ ખાણ કેન્દ્રોપરના ખનીજ ભાવો ત્રૈમાસિક મોકળાવે તો ગુજરાતનાં ખનિજો સક્રિય તથા અંતરાષ્ટ્રીય કક્ષાએ હરિફાય કરવા સક્ષમ બનશે.

## 'ખનિજ પત્રિકા'માં જાંહેરાતના દર નીચે મુજબ છે

| | એક વર્ષ | બે વર્ષ | ત્રણ વર્ષ |
|---|---|---|---|
| આગળનું પાનું | ૧૫,૦૦૦ | ૨૨,૫૦૦ | ૩૧,૫૦૦ |
| આગળનું અંદરનું પાનું | ૧૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૨૧,૦૦૦ |
| છેલ્લા પાનાની અંદરનું પાનું | ૧૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૨૧,૦૦૦ |
| છેલ્લું પાનું | ૧૫,૦૦૦ | ૨૨,૫૦૦ | ૩૧,૫૦૦ |
| અંદરનું ફૂલ કલર પાનું | ૮,૦૦૦ | ૧૨,૦૦૦ | ૧૮,૦૦૦ |
| અંદરનું અડધું પાનું | ૫,૦૦૦ | ૯,૦૦૦ | ૧૨,૦૦૦ |

## ગુજમીન ઈન્ડસ્ટ્રી આસોસિયેશન

લેખકો દ્વારા દર્શાવેલ અભિપ્રાયો, મંતવ્યો ખનિજ પત્રિકાના પ્રકાશક, તંત્રી અને ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિયેશનના નથી. પત્રિકામાં છપાયેલ કોઈપણ સાહિત્યનું પુન પ્રકાશન અનુમતિ સિવાય કરવું ખાસ વર્જિત છે.

## પત્રવ્યવહારનું સરનામું

**સંપર્ક:** સેક્રેટરી, ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન, બીજો માળ, માર્બલ એન્ડ મિનરલ ચેમ્બર્સ, ડી. કે. હાઉસ પાછળ મીઠાખળી, અમદાવાદ-૩૮૦૦૦૬. **ટેલિ.:** ૦૭૯-૨૬૪૨૭૦૪૭ **ઈ-મેઈલ:** gujmin@gmail.com

RAGHUVANSHI
REFRACTORIES

# WE DON'T WANT TO BE BIG BUT WE WANT TO BE THE BEST



ISR | DEC 2020

High Alumina Mortar
Conventional Castable
Low cement Castable
Insulating Castable
High Alumina Conventional Castable

## RAGHUVANSHI REFRACTORIES

MFG. REFRACTORY CASTABLES AND MORTAR

**Registered Office:** Shree Chambers, 3rd Floor Opp. M. E. M School, Porbandar-360575, Gujarat, India
Ph. +91 98252 31055 | www.raghuvanshirefractories.com


Book-Post

ESTD. 1962

To,


**From:**

**GUJMIN INDUSTRY ASSOCIATION**

Reg. No. GUJ/15299/AHMEDABAD, UNDER SOCIETY ACT, 1860

2nd Floor, Marble & Mineral Chambers, B/h D.K. House,
Mithakhali, Ahmedabad-380006 (Gujarat). **Tel:** 079-26427047
**E-mail:** gujmin@gmail.com | **Website:** www.gujaratmineral.org


www.printvision.in